
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ચાર દિવસ ડબ્બામાં રહેવું પડશે... પછી રાબેતા મુજબ સર્કલે બેસીશું...

# પીએમના આગમનને પગલે શહેરમાં લોખંડી પોલીસ બંદોબસ્ત

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં દેશના વડાપ્રધાનના આગમનને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે.ત્યારે તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પુરજોશમાં શરુ છે. સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર કામમાં કોઈ કચાશ રહી ન જાય તેની દેખરેખ રાખી રહ્યું છે. શહેરને ચોખ્ખુ ચણક કરી દેવાયું છે તો બીજી તરફ પીએમ આગમનને પગલે શહેરના મહાત્માં મંદિર સહિત તમામ માર્ગો પર પોલીસનો સઘન બંદોબસ્તો ગોઠવી દેવામાં આવ્યો છે. જેમાં ૬ એસપી, ૩૦ ડીવાયએસપી, ૫૦ પીઆઈ, ૧૦૦ પીએસઆઈ, ૧૫૦૦ પોલીસ જવાનો તેમજ ૬ કંપની એસઆરપીનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરમાં મહાત્મા મંદિર ખાતે આયોજીત કાર્યક્રમમાં આગામી તા.૧૩ અને ૧૪ સપ્ટેમ્બરના રોજ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ જાપાનના વડાપ્રધાન શિન્ઝો આબે હાજરી આપવા માટે પધારવાના છે.ત્યારે તેમની સલામતીને ધ્યાને લઈ શહેરના તમામ એન્ટ્રી અને એક્ઝીટ ગેટ પર પોલીસ ગોઠવી દેવાઈ છે.તે ઉપરાંત મહાત્મા મંદિરને ફરતે ચારેકોર લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવાઈ છે. જયારે શહેરના મુખ્ય ચ અને ઘ,ગ, અને ખ માર્ગ પણ પોલીસની સતત વોચ રહેશે. જયારે અમદાવાદથી ગાંધીનગર રાજભવન સુધી તમામ માર્ગો પર પોલીસ ખડેપગે હાજર રહેશે. જયારે વડાપ્રધાનની સુરક્ષામાં કોઈ કચાશ રહી ન જાય તે માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

# ખેલ મહાકુંભમાં સ્વીમીંગમાં આરવ પટેલનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૧૧



અન્ડર-૧૧ના વિદ્યાર્થીઓ માટે ખેલમહાકુંભ અંતર્ગત યોજાયેલ સ્વીમીંગ રમતમાં સેંટ ઝેવિયર્સ સ્કુલના આરવ પટેલે ભાગ લઈ ૧૦૦ મી. ફ્રી સ્ટાઈલમાં ૦૨.૨૪.૮૪ આંક પ્રાપ્ત કરી દ્વિતિય સ્થાન મેળવેલ છે.

શ્રી આરવ નિવૃત્ત તાલુકા વિકાસ અધિકારી કે.પી. પટેલના પૌત્ર છે અને સેકટર-પના વસાહતી છે અને મૂળ સાબરકાંઠાના કાલીપુરા (ઘડી)ના વતની છે. વસાહત અગ્રણી કેસરીસિંહજીએ પણ તેને અભિનંદન પાઠવેલ છે. તથા શાળાના આચાર્ય તેમજ શાળા પરિવારે પણ તેને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવેલ છે. હવે આરવ રાજયકક્ષાએ સ્વીમીંગમાં ભાગ લેવા જશે.

# હોસ્પિટલના લેબ ટેકનીશીયનોએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું

### પાટણ અને હિંમતનગરના કર્મચારીઓ પણ ગાંધીનગર દોડી આવ્યા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લેબ આસિટન્ટ તરીકે ફરજ બજાવતા વર્ગ-૩ ના ૬૩ જેટલા કર્મચારીઓએ આજે કલેકટર, આરોગ્ય કમિશનર અને આરોગ્ય મંત્રીને આવેદન પત્ર પાઠવી પોતાના પડતર પ્રશ્નોનો યોગ્ય ઉકેલ આવે તેવી માંગ કરી હતી. જયારે કર્મચારીઓની પણ કરી દેવામાં આવી છે. જયારે મોડી સાંજે બિન સત્તાવાર મળતી માહિતી મુજબ હડલાત પર ગયેલા કર્મચારીઓમાં ૨૦ જેટલા કર્મચારીઓને છુટા કરી દેવામાં



હડલાત પાડી હતી. તેઓનો મુખ્ય મુદ્દા પગાર વધારો, પીએફ, ઈએસઆઈ, અઠવાડીક રજા તેમજ અન્ય પડતર પ્રશ્નો હતા. લેબ આસીટન્ટ અને ટેકનીશીયન મેડીકલ કોલેજ પાસે એકત્ર થયા હતા. ત્યારબાદ તેઓએ જિલ્લા હડતાલને પગલે દર્દીઓને તકલીફ ના પડે તે માટે તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવાઈ હતી. જેમાં ટયુટર અને સ્ટાફ કર્મચારીઓએ ફરજ નિભાવી હતી. તો બીજીતરફ ખાનગી એજન્સી દ્વારા સવારથી જ ૧૦ નવા કર્મચારીઓની નિમણુંક આવ્યા છે. જેને પગલે સાંજના સુમારે હોસ્પિટલ ખાતે માહોલ થોડો ગરમાયો હતો. જયારે છુટા કરી દેવાયેલા કર્મચારીઓના સ્થાને અન્ય કર્મચારીઓ ફરજ બજાવશે તેવું સિવિલના આંતરીક સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

# ગુજરાત ક્વિઝ સ્પર્ધામાં ૩૦૦ શાળાના ૫૬ હજાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો

### શાળા કક્ષાની સ્પર્ધામાં ઉત્સાહભેર વિદ્યાર્થીઓએ ભાગ લીધો

ગાંધીનગર તા ૧૧

ગુજરાત ક્વિઝ સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાની ૩૦૦ શાળાના ૫૬ હજાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જયારે હાલ આ સ્પર્ધા તાલુકા કક્ષાએ યોજવામાં આવી રહી છે. આગામી તબક્કામાં જિલ્લા તેમજ રાજય કક્ષાએ પણ ગુજરાત ક્વિઝ સ્પર્ધા યોજાશે. જિલ્લાની શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર કવિઝમાં ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓમાં અભ્યાસુ વૃતિની સાથે સામાન્ય જ્ઞાનનો વધારો થાય તેમજ ગુજરાતનો ઐતિહાસિક તેમજ સાંસ્કૃતિક વારસા અંગે વિદ્યાર્થીઓની જાણકારી વધે તેમજ વિવિધ વિષયો અંગેનુ જ્ઞાન વધે તેવા આશયથી શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે ગુજરાત કિવઝ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં જિલ્લા તેમજ તાલુકા કક્ષાથી લઈ રાજય કક્ષાએ યાજાનારી આ સ્પર્ધાને અનુલક્ષી પ્રાથમિક તબક્કે શાળા કક્ષાએ યોજવામાં આવી હતી. જેમાં ગાંધીનગર જિલ્લામાં પણ શાળાકક્ષાએ આ સ્પર્ધા યોજવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લાની ૩૦૦ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના અંદાજિત ૫૬ હજાર વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

શાળા કક્ષાની આ ક્વિઝમાં સામાન્ય જ્ઞાન,ગુજરાતનો ઈતિહાસ,ભુગોળ, તેમજ ગુજરાતના મહાનુભાવો ઉપરાંત ઐતિહાસિક તેમજ સાંસ્કૃતિક વારસા અંગેના વિવિધ રસપ્રદ પ્રશ્નોના વિદ્યાર્થીઓએ ઉત્તર આપ્યા હતા. જિલ્લાની શાળાઓમાં યોજાયેલી આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જયારે હવે શાળા કક્ષાએ સ્પર્ધા પુર્ણ થયા બાદ હાલ તાલુકા કક્ષાએ સ્પર્ધા યોજવામાં આવી રહી છે. આગામી તબક્કામાં જિલ્લા તેમજ રાજય કક્ષાએ પણ સ્પર્ધા યોજાશે.

# વાવોલ રહેણાંક વિસ્તારમાંથી પરમીટવાળી દારૂની બોટલ ગાયબ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં જ્યાં જુઓ ત્યાં દારૂ મળી રહે છે. દિવસે ને દિવસે દારૂના બુટલેગરો બેફામ બની રહ્યા છે. પોલીસતંત્ર દ્વારા દરોડા પાડીને દારૂનું વેચાણ કરતા બુટલેગરોને ઝડપી લેવાય છે. ત્યારે ગાંધીનગર નજીક આવેલ વાવોલ ગામમાં અજીબોગરીબ કિસ્સો સામે આવ્યો છે. જેમાં પ્રાપ્ત માહિતી મુજબ વાવોલની એક સોસાયટીમાં રહેતા એરફોર્સના જવાનના ઘરમાં પરમીટવાળી દારૂ બોટલ પડી હતી. પરંતુ અચાનક આ બોટલ ઘરમાંથી ગાયબ થતા એરફોર્સના જવાનની પત્નીએ સે. ૭ પોલીસને જાણ કરતા તેઓએ પરમીટવાળી દારૂની બોટલ શોધવા પોલીસે શોધખોળ આદરી છે.

# મનપાની સ્થાયી સમિતિએ હિસાબો અને ખરીદીમાં પદ્ધતિના અનુસરણ માટે આગ્રહ સેવ્યો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકે ૨૦૧૦ થી ૨૦૧૫ના હિસાબોમાં જે અનિયમિતતા જણાઈ છે તે બાબતે ઠપકો આપતો પત્ર કમિશનરને પાઠવવાનો નિર્ણય કર્યો છે અને હિસાબોને બહાલી આપી છે.

આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં મનપાના અધિકારીઓ માટે આઉટ સોર્સિંગથી વાહનની સુવિધા પુરી પાડવાના ટેન્ડરને પણ બહાલી આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે કેટલાક વર્ષના નાણાંકીય હિસાબોમાં નિયમોનું ઉલ્લંઘન થયાનું જણાઈ આવ્યુ હતુ તેમજ જે પ્રક્રિયા અનુસરવી જોઈએ તે રીતે અનુસરવામાં આવી ન હોવાથી ઠપકો આવતો પત્ર પાઠવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમજ આવી ભૂલો કે અનિયમિતતાનું વારંવાર પુનરાવર્તન ના થાય તે જોવા માટે પણ કમિશનરને ખાસ તાકીદ કરવામાં આવશે તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો.

૨૦૧૦-૧૧ થી ૨૦૧૫-૧૬ સુધીના હિસાબોને સ્થાયી સમિતિની બહાલી માટે રજુ કરવામાં આવ્યા હતા. જે અંગે અગાઉ સ્થાયી સમિતિએ આ બાબત મુલ્તવી રાખી હતી તેમજ કેટલાક કાગળો પણ કમિશનરને રજુ કરવા માટે જણાવ્યુ હતુ. આજની બેઠકમાં તેને બહાલી આપી દેવામાં આવી છે.

# કોંગ્રેસ શહેરી વિસ્તારની બેઠકોના ઉમેદવારોની પસંદગી વહેલી કરશે

### ઉમેદવારો, સર્વસંમતિથી પસંદગી અને પસંદગીના ધોરણો સહિતના અનેક મહત્વના મુદ્દે ચર્ચા વિચારણા હાથ ધરાઇ

ગાંધીનગર,તા. ૧૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓને લઈ કોંગ્રેસ પક્ષ દ્વારા મહત્વની સ્ક્રીનીંગ કમીટીની પ્રથમ બેઠક આજે અમદાવાદમાં મળી હતી. કમીટીના ચેરમેન બાલાસાહેબ થોરાટના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં ગુજરાત કોંગ્રેસના નેતાઓ સહિતના આગેવાનો સાથે ઉમેદવારો, પસંદગીના ધારાધોરણો સહિતના મુદ્દાઓ પર મહત્વની ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. વિધાનસભાની ચૂંટણીઓને લઈ કોંગ્રેસના ઉમદવારોની પસંદગીની સત્તાવાર પ્રક્રિયાની શરૂઆત થઈ ગઈ હતી. જેમાં શહેરી વિસ્તારોના કોંગ્રેસના ઉમેદવારોની જલ્દી પસંગી થાય તેવી શકયતા સેવાઈ રહી છે ત્યારબાદ ગ્રામ્ય વિસ્તારનો તબક્કો હાથ પર લેવાશે. સ્ક્રીનીંગ કમીટીના નેતાઓની બેઠકોનો દોર આવતીકાલે પણ પ્રદેશ કોંગ્રેસ ઈલેકશન કમીટીના હોદ્દેદારો સાથે જારી રહેશે. મહારાષ્ટ્રના સાંસદ બાલાસાહેબ થોરાટના અધ્યક્ષ પદે ચાર સભ્યોની સ્ક્રીનીંગ કમીટીએ આજે ગુજરાત કોંગ્રેસના નેતાઓ અને પ્રદેશ કોંગ્રેસ ઈલેકશન કમીટીના હોદ્દેદારો સાથે બેઠકોનો દોર યોજયો હતો. જેમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના સ્થાનિક નેતાઓ અને આગેવાનો હાજર રહ્યા હતા. બેઠકમાં કયા ઉમેદવારોને આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં ટિકિટ આપવી અને કોને ટિકિટ ના આપવી તેના પસંદગીના ધારાધોરણો પણ નક્કી કરવામાં આવ્યા હતા. જેમાં બે વખત વિધાનસભાની ચૂંટણી હારી ગયા હોય તેવા ઉમેદવારો, ૭૦ વર્ષથી વધુની વયના ઉમેદવારો અને ૨૦ હજારથી વધુ મતોથી હારેલા ઉમેદવારોને વિધાનસભાની ચૂંટણીની ટિકિટ નહી આપવાનું નક્કી કરાયુંહતું. જયારે બીજીબાજુ, પક્ષ માટે સો ટકા જીતી શકે તેવા ઉમેદવારોને પછી ભલે તેમાં પાયાનો કાર્યકર જ ના હોય પરંતુ તેને ટિકિટ આપવી જોઈએ તેવો સૂર પણ વ્યકત થયો હતો.



ઉપવાસ આંદોલન : વાલ્મિકિ સમાજ દ્વારા સફાઈ કામદારોના પડતર પ્રશ્નો ઉકેલવાની માંગણી સાથે પાટનગરમાં ઉપવાસ આંદોલન આરંભાયું છે.




## અતિવૃષ્ટિના અસરગ્રસ્ત બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ

બનાસકાંઠામાં પૂરના પાણી તો ઓસર્યા પરંતુ આ પૂરમાં તારાજ થયેલા પરિવારોના બાળકોના અભ્યાસનું શું ? પૂર દરમ્યાન રોજીંદા જીવન નિર્વાહ માટે જરૂરી ફૂડ પેકેટ્સ કે કરિયાણુ અને દવાઓ સહિત સાધન સામગ્રી રાહત કાર્યો દ્વારા મળી પરંતુ બાળકોના શિક્ષણ માટે જરૂરી સંશાધનો મળવા જરૂરી હતા. આ સમયે એમ.પી. ચૌધરી ચેરિટીબલ ટ્રસ્ટ દ્વારા અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત વિસ્તારોમાં ૮૦૦ જેટલી શૈક્ષણિક કીટનું બાળકોને રૂબરૂ વિતરણ કરાયું હતું. આ કીટમાં ચોપડા, નોટો, બોલપેન, પેન્સિલ, કંપાસબોક્ષ, રબ્બર, સંચા વગેરેનો સમાવેશ કરાયો હતો. આ શૈક્ષણિક કીટ થરાદ તાલુકાના કરણાસર, બોરડા, પઠામણ, પડાદર, શ્રી ભગવાનજી ગોળિયા તેમજ અન્ય ગામોમાં કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાને શિવડેવલપર્સ તથા ગાંધીનગર એજ્યુકેશન સોસાયટીનો સહકાર સાંપડ્યો હતો.

# આદર્શ નિવાસી શાળા (અ.જા.) કન્યા સે-૮નો ખેલમહાકુંભ - એથ્લેટીકસમાં શ્રેષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર મહાનગર પાલિકાનો જિલ્લા કક્ષાનો એથ્લેટીકસ રમતોત્સવ તા. ૮-૯-૨૦૧૭ના રોજ સાંઈના સંકુલમાં યોજાઈ ગયો. જેમાં આદર્શ નિવાસી શાળા (અ.જા. ) કન્યા સે-૮માં ભણતી ધો-૯ની પરમાર નીકિતા એ અંડર-૧૭માં ૧૦૦ મી. તથા ૨૦૦ મી. દોડમાં પ્રથમ, ધો-૧૦ની સોલંકી મિત્તલે બરછી ફેંકમાં પ્રથમ તથા અંડર-૧૯ (ઓપનગ્રુપ)માં ધો-૧૨ની પાંચાલ ચંદ્રિકાએ ૧૦ મી. દોડમાં પ્રથમ નંબર મેળવી શાળાનું નામ રોશન કર્યું છે. આ તમામ વિજેતાઓ રાજયકક્ષાએ રમવા જશે અને જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. અંડર-૧૭માં ધો-૧૦ની મકવાણા રાધિકાએ ૮૦૦ મી. દોડમાં દ્વિતિય તથા અંડર-૧૯માં ધો-૧૨ની પાંચાલ ચંદ્રિકાએ ૨૦૦ મી.માં દ્વિતિય અને ધો-૧૧ની પરમાર મિત્તલે ૧૦૦ મી. દોડમાં દ્વિતીય ક્રમ મેળવ્યો હતો. સૌ વિજેતા બહેનોને શાળાના આચાર્ય કુસુમબેન ચૌહાણ તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

# ફેકલ્ટી ઓફ એજયુકેશનના તાલીમાર્થીઓ દાંડી કુટીરની મુલાકાતે

ગાંધીનગર, તા.૧૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશનની એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન અને આર.એચ. પટેલ ઈંગ્લીશ મીડીયમ બી.એડ. કોલેજ તેમજ વકીલ ડી.એચ. પટેલ ડીપાર્ટમેન્ટ ઓફ એજયુકેશન, સે-૨૩, ગાંધીનગરની કોલેજોના તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ તા. ૯-૯-૧૭ના રોજ સે-૧૩, ગાંધીનગર ખાતે આવેલ દાંડીકુટીરની મુલાકાત લીધી હતી.

સદર મુલાકાત તાલીમાર્થીઓને ગાંધીજીની જીવન શૈલી તેમજ તેમના કાર્યોનો પરિચય મળી રહે તે હેતુથી કરવામાં આવી હતી. દાંડી કુટીરની મુલાકાત દરમિયાન ગાંધીજીનું બાળપણ તેમના જીવનને અસર કરતા પરિબળો, ગાંધીજીનો વકીલાત તરીકેનો અનુભવ, દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ, ઈન્ડિયા પરત આવ્યા પછી ભારતમાં સ્વતંત્રતા સંગ્રામ માટે યોજેલી વિવિધ ચળવળો વિગેરેનું પ્રદર્શન નિહાળ્યું હતું.

# મનપાની સામાન્ય સભા ૨૦મીએ મળશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગર પાલિકાની આગામી સામાન્ય સભા ૨૦મીના રોજ મનપાના સભાખંડમાં મળશે.

મેયર પ્રવિણ પટેલની અધ્યક્ષતામાં બપોરે ૧ વાગે મળનાર આ સામાન્ય સભામાં મનપાના આસિ. સેક્રેટરીની જગ્યા અપગ્રેડ કરવા અંગેના નિર્ણયને બહાલી આપવામાં આશે. આ અંગે અગાઉ સ્થાયી સમિતિએ આ જગ્યા અપગ્રેડ કરવાનો નિર્ણય કરેલ છે જે ઉલ્લેખનીય છે.

# ગુજરાતના આદ્યોગિક-આર્થિક વિકાસનું નવું પ્રકરણ આલેખાશે

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતની ધરતી પર જાપાનના પ્રધાનમંત્રી શિન્ઝો આબે અને ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ઐતિહાસિક મુલાકાતવેળાએ ગુજરાતના ઔદ્યોગિક અને આર્થિક વિકાસનું નવું પ્રકરણ આલેખાશે. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે જાપાન અને ભારતના પ્રધાનમંત્રીની ઉપસ્થિતિમાં જાપાન સરકાર અને ગુજરાત સરકાર વચ્ચે જાપાન-ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેન્યુફેક્ચરીંગના નિર્માણ માટે સહકારના કરાર થશે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'મેઈક ઈન ઈન્ડિયા' અભિયાનમાં ગુજરાતનું આ વિશેષ યોગદાન હશે.

જાપાને ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરીંગના ક્ષેત્રમાં ગુજરાતમાં ઘણું મૂડી રોકાણ કર્યું છે. આવનારા સમયમાં પણ સતત અને સમયબદ્ધ મૂડી રોકાણ માટે વિશેષ આયોજન કરાયું છે. 'મેઈક ઈન ઈન્ડિયા' અને 'સ્કીલ ઈન્ડિયા' અભિયાન અંતર્ગત જાપાન સરકારના અર્થવ્યવસ્થા, વ્યાપાર અને ઉદ્યોગ મંત્રાલય તથા ગુજરાત સરકાર દ્વારા અમદાવાદ નજીક ખોરજ પાસે સાણંદ-૩ ફેઝમાં ૧૭૫૦ એકર જેટલા વિશાળ વિસ્તારમાં જાપાન-ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેન્યુફેક્ચરીંગ સંયુક્ત રીતે નિર્માણ પામશે. ગુજરાત સરકાર અને જાપાન સરકાર દ્વારા આ ઈન્સ્ટીટ્યુટ અંતર્ગત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વાહનવ્યવહાર, વીજ વ્યવસ્થાપન, ટેલિ કોમ્યુનિકેશન, માનવ સંશાધન અને આવાસ નિર્માણ સંયુક્ત રીતે વિકસાવાશે. જાપાન સરકાર દ્વારા પ્લગ એન્ડ પ્લે ફેક્ટરી, લોજીસ્ટીક્સ અને માનવ સંશાધાન પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાશે.

આ માટે ગુજરાત સરકારે યોગ્ય જમીનની ફાળવણી કરી છે. પબ્લિક - પ્રાઈવેટ પાર્ટનરશીપના ધોરણે હાઈબ્રીડ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક વિકસાવાશે. જાપાન ઈન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન પોગ્રામ અંતર્ગત ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન પ્રોગ્રામ લોન પણ આપશે. ગુજરાત સરકાર દ્વારા મહત્વની માળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવશે.

ગુજરાતમાં ઔદ્યોગિક મૂડી રોકાણને 'ફાસ્ટ ટ્રેક' પર મુકવામાં અત્યંત મહત્વના સાબિત થનારા વૈશ્વિકસ્તરના જાપાન ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેન્યુફેકચરીંગ દ્વારા 'સ્કીલ ઈન્ડિયા' અંતર્ગત આગામી ૧૦ વર્ષમાં ૩૦,૦૦૦ યુવાનોને ભારત સરકારની માન્યતા પ્રાપ્ત વિશ્વકક્ષાની ઔદ્યોગિક તાલીમથી તાલીમબદ્ધ કરવાનું આયોજન છે. પ્રાથમિક તબક્કામાં ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા છે. ગણપત યુનિવર્સિટી, મહેસાણાના આ વિદ્યાર્થીઓને અલગ અલગ પાંચ ટ્રેડમાં પ્રશિક્ષણ માટે પસંદ કરવામાં આવ્યા છે. જ્યાં જાપાનની શિક્ષણ પ્રણાલી પ્રમાણે જાપાનના તજજ્ઞો દ્વારા પ્રશિક્ષણ અપાશે. જાપાનની સુઝુકી, યામાહા અને ટોક્યો જેવી કંપનીઓએ પણ આ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેન્યુફેકચરીંગમાં સહભાગી થવાની તત્પરતા દર્શાવી છે.

## જાહેર નિવિદા નં.૧૩/૨૦૧૭-૧૮

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.૧, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, બ્લોક નં. 'એ' પ્રથમ માળ, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૪૭૪-૭૫) દ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના ૬ (છ) કામના ટેન્ડર જેની અંદાજીત રકમ રૂ. ૨૪૨૪૦.૦૦ થી રૂ. ૯૯૪૦૧.૧૭ની છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા વિદ્યુત ઠેકેદારો અને અનુભવ ધરાવતા ઠેકેદારો પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે. આ કામના કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૧૮/૯/૨૦૧૭ (સમય ૧૬.૦૦ કલાક) સુધી છે. ભરેલ ટેન્ડર રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તારીખ : ૨૫/૯/૨૦૧૭ કચેરી સમય સુધી છે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારો અને વિદ્યુત ઠેકેદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

જો સરકારશ્રી દ્વારા આકસ્મિક રજા જાહેર થાય તો ટેન્ડર આપવાની તથા પરત મેળવવા અંગેની તારીખો જાહેર રજાના પછીના કામકાજના દિવસની ગણત્રીમાં લેવામાં આવશે.

માહિતી/૧૬૦૩/૧૭-૧૮